



Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 14,(SURAT), DATE-24/09/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૧૪, (સુરત), તા.૨૪/૦૯/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફળિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 નેશનલ હાઇવે ૫૬ અને કોસંબા ઉમરપાડા રેલવે લાઈનમાં જમીન સંપાદન બાબતે માંડવી પ્રાંત અધિકારીને આવેદન પત્ર અપાયુ

3 ઉમરપાડામાં સ્વચ્છતા અભિયાનઃ તાલુકા પંચાયતના અધિકારીઓએ શ્રમદાન કરી કચેરી પરિસર સાફ કર્યો

4 રૂ.૩.૨૨ કરોડના કુલ ૪૬ વિકાસ કાર્યોનું ગુજરાત રાજયના મંત્રી કુંવરજી હળપતિ દ્વારા ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું


### બારડોલી જલારામ મંદિર હોલ ખાતે

## સ્ટેટસ યુથ ડિસ્ટ્રિક્ટ ગેમ્સ કરાટે ચેમ્પિયનશિપ સુરત નેશનલ સપોર્ટસ પ્રમોશન ઓર્ગેનાઇઝર દ્વારા સાંસ્કૃતિક ખેલ મંત્રાલય ગાંધીનગરના સપોર્ટ થી આ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું










**બારડોલી** -સોટોકાન સુબુકાન કરાટે એસોસિયેશનના ચેરમેન તથા રાજકીય અને શૈક્ષણિક તથા સામાજિક અગ્રણી અજીતસિંહ સૂરમાં અને ડિસ્ટ્રિક્ટ હેડ સુરત ગુજરાત સ્ટેટ કમિટી મેમ્બર કરાટે ના સિંહાન વિનોદ બામણીયા અને કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે તારાચંદ બાપુ ના અધ્યક્ષ સ્થાને દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

જેમાં બારડોલી શહેરના બિઝનેસ ક્ષેત્ર ના યુવા બિઝનેસમેન ચિરાગભાઈ જોષી તેમજ વિજય સિંહ સોલંકી શ્રી રાજપૂત કરણી સેના બારડોલી તાલુકાના મહામંત્રી જસપાલસિંહ પરમાર (NPA) નેશનલ પ્રેસ એસોસિએશન ગુજરાત રાજયના ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર શ્રી અને ગુજરાત આત્મીયતા ના એડિટર હિમાંશુ સિહ ઠાકોર, લોક સત્તા જનસત્તાના સુરત જિલ્લા બ્યુરો ચીફ અને શ્રી રાજપૂત કરણી સેના સુરત જિલ્લા પ્રમુખશ્રી મીતુલ સિંહ સૂરમાં વિવિધ ક્ષેત્રના જાણીતા મહાનુભાવો અને વાલીમિત્રો ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારીને નિહાળ્યો તેમજ બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું.

## નવરાત્રી તહેવાર અન્વયે સ્ટેશન ડાયરીમાં નોધ કરવા બાબત ગરબા આયોજક મીટીગ



**ઉકાઈ** -તા.૨૨/૦૯/૨૦૨૫ નાં રોજ કલાક, ૧૭/૦૦ થી ૧૭/૪૫ દરમ્યાન નવરાત્રી તહેવાર ઉજવણી અંગે ગરબા આયોજકો સાથે મીટીગ રાખવામાં આવેલ જેમાં આયોજકોને ગરબા સ્થળે પાર્કિંગ, લાઈટીગ, CCTV કેમેરા, જનરેટર ફાયર સેફ્ટીના સાધનો સુરક્ષાગાર્ડ તેમજ વોલેન્ટીયર્સ રાખવા તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને ઉપરોક્ત તહેવાર હર વખતની જેમ શાંતીપુર્ણ માહોલમાં ઉજવાય તેવી અપીલ કરવામાં આવેલ અને તહેવાર દરમ્યાન આવી કોઈ વ્યક્તિ જોવા મળે કે જે ગામની કોમી એખલાસની ભાવનાને ડોહળવાની કે લોકોને ગેર માર્ગે દોરી ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે, તો તરતજ પોલીસને જાણ કરવા સમજ કરેલ છે. જેથી નવરાત્રી તહેવાર શાંતીપુર્ણ રીતે ઉજવી શકાય. જેમાં પો.સ્ટે. વિસ્તારમાં રહેતા ગરબા આયોજકો (૧) મગનભાઇ એમ પારઘી, (૨) નિતેશભાઇ એસ ચૌહાણ, (૩) હરીશભાઇ એસ પંચાલ, (૪) પ્રવિણ આચાર્ય, (૫) કાર્તિક ટી વળવી નાઓ મીટીગમાં હાજર રહેલ તેઓને ઉપરોક્ત તહેવાર બાબતે માહિતગાર કરી ગામમાં શાંતિ જળવાય રહે તે બાબતે ગામ લોકોને સમજ કરી શાંતિ જાળવવા અપીલ કરેલ છે તેમજ આ બાબતે કોઇ પ્રત્યાઘાત ન પડે તેની તકેદારી રાખી આવા કોઇ ઇસમો જણાય આવેતો પોલીસને જાણ કરવા સમજ કરવામાં આવેલ છે. (પી.એ પારેખ) પોલીસ ઈન્સ્પેક્ટર ઉકાઈ પોલીસ સ્ટેશન જિલ્લા. તાપી.

### બારડોલીમાં ટીબી દર્દીઓને મળી મોટી રાહત

## રોટરી ક્લબે ૫૦ દર્દીઓને આપી પોષણયુક્ત કીટ, એક વર્ષ સુધી આપવાનો સંકલ્પ



બારડોલી- બારડોલી તાલુકા આરોગ્ય કચેરી ખાતે રોટરી ક્લબ ઓફ બારડોલી દ્વારા ટીબીના દર્દીઓ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૫૦ ટીબી દર્દીઓને પોષણયુક્ત આહારની કીટનું વિતરણ કરવામાં આવ્યું.

કાર્યક્રમ રોટરી ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર અમરજીતસિંઘ ની અધ્યક્ષતામાં યોજાયો. તેમાં રોટરી ક્લબના હોદ્દેદારો અને તાલુકા આરોગ્ય અધિકારી સહિતની ટીમ હાજર રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત ભારત અભિયાનને સફળ બનાવવા રોટરી ક્લબે મહત્વનું પગલું ભર્યું છે. ક્લબે સરકારની 'ની-ક્ષય' યોજના અંતર્ગત છેલ્લા ૧૨ મહિનાથી ૫૦ ટીબી દર્દીઓને દત્તક લીધા છે.

### માંડવી તાલુકાના અરેઠ ખાતે નવરાત્રીના પહેલા નોરતાના શુભ દિને અંકિતભાઈ સોલંકી દ્વારા

## અરેઠ બસ સ્ટેશન નજીક સરકાર માન્ય જન સુવિધા કેન્દ્ર ની નવી ઓફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું






**દક્ષેશ પટેલ, માંડવી**-જેથી ગ્રાહકોને આસાનીથી અને સરળતાથી જન સુવિધા કેન્દ્રનો લાભ મળી રહે વધુમાં તેમણે જણાવ્યું હતું કે જન સુવિધા કેન્દ્ર એ લોકોને આસાનીથી બધી સુવિધા નો લાભ મળી રહે સાથે સાથે બેંક ઓફ બરોડા ગ્રાહક સેવા કેન્દ્ર થકી કેશ રોકડા જમા તથા કેશ રોકડ ઉપાડ. લોનની પણ સુવિધા મળી રહે. વીમા યોજના નું નવું એકાઉન્ટ ખોલવું મની ટ્રાન્સફર જેવી ઘણી બધી યોજના લોકો સુધી પહોંચે અને લોકોને સરળતાથી તેનો લાભ મળે.

જન સુવિધા કેન્દ્ર એ લોકો માટે જન કલ્યાણકારી યોજના છે તેની અંદર તમે નવા આધારકાર્ડ બનાવવા હોય તથા આધારકાર્ડ ની અંદર સુધારા વધારા કરવા ,આધારકાર્ડ અપડેટ કરવું, કેવાયસી કરવું તથા આધાર સાથે મોબાઈલ નંબર લિંક કરવું જેવી સુવિધા પ્રાપ્ત કરી શકો. સાથે નવો પાનકાર્ડ પણ બનાવી આપવામાં આવશે તથા તેની સાથે રિટર્ન ફાઈલ પાસપોર્ટ તથા આર.ટી.ઓને લગતા વાહનોનું ડ્રાઇવિંગ લાઇસન્સ અને વીમા પોલિસી પણ કાઢી આપવામાં આવશે અને મુસાફરો માટે ટિકિટ બુકિંગની પણ સુવિધા મળી રહેશે સાથે સાથે સ્માર્ટ કાર પણ બનાવી આપવામાં આવશે તેની સાથે સાથે નવો ચૂંટણી કાર્ડ પણ અહીં કાઢી આપવામાં આવશે.

વધુમાં પી એફ ની પણ સુવિધા અહીયા મળી રહેશે.બીજી અનેક સુવિધા અહીં ઉપલબ્ધ છે જેવી કે પાસબુક ની પ્રિન્ટ કાઢવી હોય કે મીની સ્ટેટમેન્ટ કઢાવવું હોય ફિક્સ ડિપોઝિટ કરવું હોય આ બધી સુવિધાઓ અહીયા મળી રહેશે. સાથે એ. ટી. એમ. ની પણ સુવિધા અહીયા ઉપલબ્ધ છે.જેથી લોકોને બેંક સુધી ધક્કા ખાવા ના પડે. પી.એમ.એસ.બી. વાય. એટલે કે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ પણ અહીં મળી રહેશે. પી. એમ. જે. જે. બી. વાય. એટલે પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના જેવી અન્ય સુવિધાઓનો પણ અહીં લાભ મળી રહેશે.

## હરિપ્રબોધમ ત્રિવેણી મહોત્સવ

**વાઘોડિયા-** વાઘોડિયા તાલુકાના ગણેશપુરા સ્થિત હરિપ્રબોધમ ધામ ખાતે ૬ ઓક્ટોબર ૨૫ના રોજ એક ભવ્ય ત્રિવેણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા ત્રણ પવિત્ર પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે. આ મહોત્સવ અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદસ્વામીના ૨૪૧ માં પ્રાગટ્યદિન, ગુરુહરિ પ. પૂ. હરિપ્રસાદસ્વામીજી મહારાજના હીરક ભાગવતી દીક્ષાદિન અને હરિપ્રબોધમ ધામના ખાતમુહર્ત ઉત્સવનો અનોખો સંગમ છે. ૬ ઓક્ટોબરના રોજ સાંજે ચાર વાગ્યે મહાપૂજા અને ખાતમૂહર્તની વિધિ સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે.


જેમા મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તો ભાગ લેશે. આ પવિત્ર વિધિ બાદ સાંજે ૬ વાગ્યેથી ૭ વાગ્યા દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજન ગણેશપુરા, તા. વાઘોડિયા, જી. વડોદરા સ્થિત હરિપ્રબોધમ ધામ ખાતે કરવામાં આવ્યું છે.




શુભ નવરાત્રિ

માં દુર્ગા તમને એની નવ ભુજાઓ વડે શકિત, બુદ્ધિ, ઐશ્વર્ય, સુખ, આરોગ્ય, શાંતિ, સફળતા, નિશ્ચિતતા અને સમૃદ્ધિ અર્પણ કરે તેમજ આપ સૌની મનોકામના પૂર્ણ કરે એવી પ્રાર્થના.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)



Date-24/09/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### ઝંખવાવ ગામના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા

## નેશનલ હાઇવે ૫૬ અને કોસંબા ઉમરપાડા રેલવે લાઈનમાં જમીન સંપાદન બાબતે માંડવી પ્રાંત અધિકારીને આવેદન પત્ર અપાયુ





**દક્ષેશ પટેલ, માંડવી-** ઝંખવાવ ગામના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા નેશનલ હાઇવે નંબર ૫૬ અને કોસંબા ઉમરપાડા રેલ્વે લાઈનમાં જમીન સંપાદન થનાર હોય જે બાબતે માંડવી પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે, નેશનલ હાઈવે ૫૬ , અને કોસબા - ઉમરપાડા રેલ્વે લાઈનમાં ઝંખવાવ ગામના ૧૧૩, ૧૧૨, ૧૧૧ જેવા ત્રણ સર્વે નંબરની ૬ હેક્ટર જેટલી જમીન બંને પ્રોજેક્ટમાં સંપાદન થાય છે જેના કારણે ૨૩ કુટુંબોના ૧૭ ઘરો અને ખેતીની જમીનને નુકસાન થાય છે આ સંપાદન માટે અન્ય વિકલ્પો પણ ઉપલબ્ધ હોય તે વિકલ્પ પ્રમાણે રોડ અને રેલવે બનાવવામાં આવે તો ઓછામાં ઓછું નુકસાન થઈ શકે તેમ છે. આ જમીન અમારા માટે ફક્ત આજીવિકાનું સાધન છે ,તેમજ જમીન અસર ગસ્તો દ્વારા ૧૧ જેટલા વિવિધ પ્રશ્નો અંગે પણ જણાવવામાં આવ્યું હતું જે અંગે સરકારશ્રી દ્વારા યોગ્ય ન્યાય મળે જે માટે આવેદન પત્ર આપવામાં આવેલ છે.

**નેશનલ હાઈવે ૫૬ , અને કોસબા - ઉમરપાડા રેલ્વે લાઈનમાં ઝંખવાવ ગામના ૧૧૩, ૧૧૨, ૧૧૧ જેવા ત્રણ સર્વે નંબરની ૬ હેક્ટર જેટલી જમીન બંને પ્રોજેક્ટમાં સંપાદન થાય છે**

## માંડવીના વીસડાલીયા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિન નિમિત્તે આદિમ જૂથના કલ્યાણ માટે વિવિધ સેવાકીય કાર્યો તથા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો





**દક્ષેશ પટેલ, માંડવી-** દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના અવસરે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને માંડવી વીસડાલીયા આદિમ જૂથના કલ્યાણ માટે વિવિધ સેવાકીય કાર્યો તથા તથા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

સુરત જિલ્લાના માંડવીના વિસડાલીયા ખાતે આદિમજૂથના કલ્યાણ માટે વિવિધ સેવાકીય કાર્યો તથા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો. જે અંતર્ગત આદિમ જૂથ સેવા પર્વનો સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. વિસડાલીયા ખાતે મહિલાઓ માટે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં મહિલાઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સાંસદે તંદુરસ્ત માતા-બહેનોથી તંદુરસ્ત સમાજનું નિર્માણ શક્ય બનશે એમ જણાવી સ્વસ્થ નારી, સશક્ત પરિવાર પખવાડિયા દરમિયાન માતાઓ, બહેનો, દીકરીઓએ પોતાના સ્વાસ્થ્યની અવશ્ય ચકાસણી કરાવી સ્વસ્થ નારીના સૂત્રને સાર્થક કરવાનો અનુરોધ કર્યો હતો. આદિવાસીઓમાં અતિ પછાત ગણાતી જાતિઆદિમજુથ પરિવારો વાંસ સાથે જોડાયેલા છે. તેઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે વાંસ વૃક્ષ ની શ્રેણી માં આવતા હોય ઘાસની શ્રેણીમાં દાખલ કરી સરકારે મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસ માટે સક્રિયતા સાથે કાર્ય કરી રહી હોવાનું જિલ્લા સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડે જણાવ્યું હતું.

માંડવીના વિસડાલીયા ફોરેસ્ટ કેમ્પસ ખાતે સાંસદના હસ્તે અતિપછાત સમાજ આદિમ જૂથ પરિવારો માટે મેડિકલ કેમ્પ, ગંગાસ્વરૂપા બહેનોને સાડી, યુવા દીકરીઓને મેડિકલ કીટ અર્પણ તથા આદિમ જૂથ પરિવારના વ્હીકલ લાયસન્સ ધારક યુવાઓને સલામતિ માટે હેલમેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રી તાપીવન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ ડો.પ્રિયંકાબેન સોલંકી, ડો.કરૂણાકર દેસાઈ સહિતના ડોક્ટરોએ મેડિકલ કેમ્પમાં લોકોના આરોગ્યની ચકાસણી કરી હતી. માંડવી ખાતે આયોજિત કાર્યક્રમમાં જિ. સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડ, મુખ્ય જિ. આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ, સુરત જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી જિગર નાયક, રાજેશભાઈ પટેલ, ડોક્ટર કરુણા કર દેસાઈ, ડો. પ્રિયંકા સોલંકી,નિમેષભાઈ, આશિષભાઈ, અનિલભાઈ ચૌધરી, રોહિત પટેલ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આર એફ ઓ વાઘેલા, પદાધિકારીઓ, મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### કામરેજમાં પેટ્રોલ ટેન્કર લીકેજથી અફરાતફરી

## અકસ્માતથી રસ્તા પર ઢોળાયું પેટ્રોલ, બે કિમી સુધી વાહનવ્યવહાર બંધ કરાયો



કામરેજ- કામરેજ મામલતદાર કચેરી સામે મોડી સાંજે એક ગંભીર ઘટના સામે આવી. મુંબઈથી પાણીપત જતા હેક્ઝેન સફેદ પેટ્રોલ ભરેલા ટેન્કર ને અજાણ્યા વાહનની ટક્કર લાગી. આ અકસ્માતમાં ટેન્કરના પાછળના ભાગમાં છેદ પડ્યો અને જવલનશીલ પેટ્રોલ રસ્તા પર ઢળવા લાગ્યું. સુરત જિલ્લા ટ્રાફિક PSI ઈશ્વરસિંહ સિસોદિયાને ઘટનાની જાણ થતાં તેમણે તાત્કાલિક પગલાં લીધા. સુરક્ષાના ભાગરૂપે બંને તરફનો બે કિલોમીટર સુધીનો ટ્રાફિક બંધ કરવામાં આવ્યો. મામલતદાર કચેરીમાં આવેલા અરજદારોના વાહનોને એક કલાકથી વધુ સમય માટે કચેરીના કમ્પાઉન્ડમાં જ રાખવામાં આવ્યા. કામરેજ ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું. ટેન્કરના લીકેજ પર એમસીલ જેવો પદાર્થ લગાવી લીકેજ અટકાવ્યું. ત્યારબાદ ઢળેલા પેટ્રોલ પર પાણીનો મારો ચલાવવામાં આવ્યો. એક કલાકથી વધુ ચાલેલા આ રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન જિલ્લા ટ્રાફિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી ગઈ. આ પછી અધિકારીઓ અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો.

## નવસારી જિલ્લામાં બે વર્ષમાં સર્પ દંશના કેસો ૬૬૦થી વધુ પણ મૃત્યુ આંકની સંખ્યા માત્ર ૨



નવસારી- ગુજરાત રાજય ૬૨ પ્રકારના સાપોની પ્રજાતિઓ જોવા મળે છે ,જેમાંથી ૮૦% સાપોની પ્રજાતિઓ નવસારી સહિત દક્ષિણ ગુજરાતમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જોવા મળે છે. વિવિધ પ્રકારના ઝેરી અને બિનઝેરી સાપ જોવા મળે છે. જેના લઇ સાપ દ્વારા જાણ્યે અજાણ્યે કરડવાના બનાવો બને છે

પણ મોતનું પ્રમાણ નજીવું છે.નવસારી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સર્પદંશના બનાવો વધ્યા છે પણ ગ્રામ્ય સ્તરે જાગૃતિ ને લઈ મોતના બનાવો ઓછા એટલે કે તદ્દન નજીવો દર કહી શકાય એમ છે. નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં નવસારી જિલ્લામાં ૩૯૨ કેસો વર્ષ દરમિયાન બન્યા છે. તો અને વર્ષ ૨૦૨૮ ના સપ્ટેમ્બર માસ દરમિયાન કુલ ૪૦૦થી વધુ કેસો બન્યા છે.નવસારી જિલ્લામાં સૌથી વધુ ખેરગામ તાલુકામાં સર્પદંશના બનાવો બન્યા છે. બીજા નંબરે નવસારી તાલુકામાં સૌથી વધુ કેસ બન્યા છે.જેમાં બને વર્ષમાં માત્ર નવસારી તાલુકામાં એક એક જ મોત નોધાયું છે.

સાપ કરડે તો ભુવા નહી હોસ્પિટલમાં જવું હાલ ચોમાસાની તુ અંત તરફ ચાલી રહી સાથે બેવડી ઋતુ અનુભવ થઈ રહ્યો છે જેથી સાપો દેખાવો વધારો થઈ રહ્યો છે. ઘરની નજીક કે ઘરમાં આવી ચડે તુરત જ વનવિભાગ અથવા સાપ પકડતા સ્થાનિક એનજીઓ સભ્યો ને બોલાવી તેનું રેસ્ક્યુ કરાવવું. ભગત ભૂવા કે જાતે ઉપચાર કરી સમય ન બગાડી ૧૦૮ કોલ કરી નજીકની પી.એચ.સી, સી.એચ.સી અથવા સિવિલ હોસ્પિટલ જઈ સારવાર કરાવવું સિવિલ હોસ્પિટલ મફત સર્પદંશ સારવાર તેમજ તેના એન્ટીવેન્મ ઈંજેક્સન ઉપલબ્ધ છે.

### સુરતમાં ઈસ્કોન મંદિરનું અમિત શાહે કર્યું ભૂમિપૂજન

## કોસમાડામાં ૧૦૧ કરોડના ખર્ચે બનશે મંદિર, ભૂમિપૂજન વિધિ સંપન્ન કરી અને યજ્ઞમાં આહુતિ આપી




કામરેજ- સુરતના કોસમાડા વિસ્તારમાં નવા ઈસ્કોન મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મંદિરના ભૂમિપૂજન વિધિ સંપન્ન કરી અને યજ્ઞમાં આહુતિ આપી હતી. એન્થમ સર્કલ, આઇકોનિક રોડ, રિંગ રોડ કેનાલ પર આ મંદિર ૩.૫૧ લાખ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં નિર્માણ પામશે. મંદિરના નિર્માણ પાછળ રૂ. ૧૦૧ કરોડનો ખર્ચ થશે.

ઈસ્કોનની સ્થાપના વર્ષ ૧૯૬૬માં જગતગુરૂ શ્રીલ પ્રભુપાદજીએ ન્યુયોર્કમાં કરી હતી. એક દશકામાં જ ઈસ્કોન ૧૦૦થી વધુ દેશોમાં વિસ્તર્યું અને ૧૦૮ મંદિરો, ફાર્મ કોમ્યુનિટી, શાળાઓ અને સાંસ્કૃતિક કેન્દ્રોની સ્થાપના કરી.

કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઈસ્કોન વરાછા મંદિરના પ્રેસિડેન્ટ મૂર્તિમાન દાસજીએ દાતાઓ અને શ્રેષ્ઠીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.




## કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી મામલતદાર કચેરીમાં બનાસડેરીની ચૂંટણીને લઈને બાબુભાઈ ચૌધરીએ નોધાવી ઉમેદવારી

### ભાજપ સામે ભાજપના જ ઉમેદવાર ટકરાશે



**કાંકરેજ -** કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે આવેલ મામલતદાર કચેરીમાં બનાસડેરીની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીમાંથી અગાઉ થરા માર્કેટ યાર્ડ ના પુર્વ ચેરમેન અણદાભાઇ પટેલે ફોર્મ ભર્યું હતું. ત્યારે હવે યુવા નેતા અને બનાસકાંઠા જિલ્લા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી બાબુભાઈ ચૌધરીએ ખસા ધરતી જીનિંગમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સાથે ચર્ચા કરી હતી. ત્યારબાદ હવે આજે ૨૨ સપ્ટેમ્બરના રોજ બપોરે વિજય મુહૂર્તમાં કાંકરેજ મામલતદાર કચેરી શિહોરી ખાતે પોતાના સમર્થકો સાથે પહોચીને નોધાવી ઉમેદવારી હતી. જેમાં દરખાસ્ત કરનાર ચૌધરી રમેશભાઈ કાળુભાઈ અને ટેકેદાર તરીકે કાળા મહાદેવભાઈ રામસીભાઈ ખાસ કરીને ઉપસ્થિત રહ્યા હતા.

જોકે કાંકરેજ તાલુકામાં બનાસડેરીના ૯૮ મતદારો છે. ત્યારે હવે કાંકરેજ તાલુકામાં ભાજપ સામે ભાજપના ઉમેદવાર મેદાનમાં ઉતર્યા. બાબુભાઈ પટેલ થરા માર્કેટ યાર્ડ ના ડિરેક્ટર છે સામે થરા માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન અને સહકારી આગેવાન છે અણદાભાઈ પટેલ કાંકરેજ તાલુકામાંથી બનાસડેરીના ડિરેક્ટર બાબુભાઈ ચૌધરી અને અણદાભાઈ પટેલ બન્ને એકજ ગામના છે.

અને કૌટુંબિક કાકા ભત્રીજા પણ થાય છે ત્યારે હવે આ વર્ચસ્વની લડાઈ માં કોનું નશીબ જાગશે એ વિશે પણ ભારે કોકડું ગૂંચવાઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે જોકે બાબુભાઈ ચૌધરીએ પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કરીને પાર્ટીના નીતિનિયમ મુજબ મીડિયા સાથે વાત કરવાનું ટાળ્યું હતું. અને તેઓ કંઇ પણ કીધા વિના એમના ટેકેદારો સાથે રવાના થઈ ગયા હતા ત્યારે હવે ૧૦ ઓક્ટોમ્બરે બનાસ ડેરીના નવનિયુક્ત ડિરેક્ટર મંડળ માટે યોજાશે ચૂંટણી.

૧૦ ઓક્ટોબરે ચૂંટણી તો ૧૧ ઓક્ટોબરે હાથ ધરાશે મતગણતરી. બનાસ ડેરીના ૧૬ ડિરેક્ટરો માટે યોજાશે ચૂંટણી.૨૨ સપ્ટેમ્બર આજે છેલ્લી તારીખ ઉમેદવારો પોતાના રજૂ કરી શકશે ફોર્મ. ૨૯ સપ્ટેમ્બર સુધી ઉમેદવારી ફોર્મ પરત ખેચી શકાશે.

ત્યારે હવે સમગ્ર એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરી ની ચૂંટણીમાં ભારે રાજકીય ગરમાવો આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં સહકારી માળખાની સૌથી મોટી બનાસ ડેરીની ચૂંટણીને લઈ સહકારી માળખામાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

**બાબુભાઈ પટેલ થરા માર્કેટ યાર્ડ ના ડિરેક્ટર છે સામે થરા માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન અને સહકારી આગેવાન છે અણદાભાઈ પટેલ કાંકરેજ તાલુકામાંથી બનાસડેરીના ડિરેક્ટર બાબુભાઈ ચૌધરી અને અણદાભાઈ પટેલ બન્ને એકજ ગામના છે.**

## સોનગઢ ઉકાઈ રોડ પર બાઇક સવાર પુલ પર થી નીચે ખાબકયો



**સોનગઢ-** મળતી માહિતી મુજબ સોનગઢથી ઉકાઈ રસ્તા પર આવેલ ગુણસદા ગામની હદમાં વાકડ્યા પુલ પર માર્ગ અને મકાન વિભાગની બેદરકારીને કારણે બાઇક ચાલક પુલ પરથી નદીમાં ખાબક્યો સોમવારના રોજ દિવસ દરમિયાન એક બાઈક ચાલક પોતાનું વાહન લઈને પુલ પરથી પસાર થયો હતો તેવા સમયમાં સામેથી આવતું બાઈક અચાનક સામે આવી જતા સંતુલન ગુમાવતા પુલ ના છેડે કોઈપણ સુરક્ષા રેલિંગ ન હોવાના કારણે સીધો નદીની અંદર પડ્યો હતો અવર-જવર કરતા લોકોની નજર પડતા યુવકને ગંભીર ઇજાઓ સાથે બહાર કાઢવામાં આવ્યો ૧૦૮ દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો સ દ્નસીબે યુવકનો જીવતો બચી ગયો પણ આ ગંભીર બેદરકારી હજી કેટલા લોકો ના જીવ જોખમમાં મૂકશે એ ખૂબ મોટો પ્રશ્ન છે લોક માંગ ઉઠી છે કે વહેલી તકે આ પૂલના છેડે સુરક્ષા રેલિંગ વહેલી તકે લગાવવામાં આવ્યો તો આવા અકસ્માતો રોકી શકાય.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી– હિમાંશુસિંહ ઠાકોર

### નવરાત્રી 'કોસ્મિક' તહેવાર છે 'કોસ્મેટીક' નથી

નવરાત્રી કે હિંદુ ધર્મના તહેવારો ફૂડ, ફેશન અને ફિએસ્ટા બનીને અટકી ન જવા જોઈએ. એક તરફ સોસાયટીના અને પાર્ટી પ્લોટ પરના મેગા ગરબામાં યૌવન ઉછાળા લેતું હોય છે ત્યારે ઘરમાં ઓ.ટી.ટી પ્લેટફોર્મ પર કોઈ થ્રીલરમાં નારી શક્તિને કચડી નાંખી કળીયુગના મહિસાસુર કોઈ યુવતીનાં ચહેરા પર એસીડ છાંટીને કે રિસોર્ટમાં બળાત્કાર ગુજારતા અટ્ટહાસ્ય કરતો હોય તેવા દ્રશ્યો પણ સ્ક્રીન પર ભજવાતા હોય છે. સોસાયટીઓમાં કોઈપણ તહેવારની ઉજવણી હોય તેમાં આયોજકો તરફથી લાઉડ સ્પીકરથી એવી જાહેરાત થાય કે 'નાસ્તા (પ્રસાદી પણ બોલાતું હોય છે.) નો સમય થઇ ગયો છે, બધા સભ્યોને વિંનતી કે કોમન પ્લોટમાં આવી જાય.' તે સાથે જ સોસાયટીના મહત્તમ રહીશો અત્યાર સુધી ખાલી ભાસતું મેદાન ભરચક કરી બનાવી દે છે. તહેવારો સામાજિક મેળાવડા, સાંસ્કૃતિક સંસ્કૃતિનો વ્યાપ બનતા જાય તે પણ આવકાર્ય જ છે.

કોરોનાના બે વર્ષને બાદ કરો તો તહેવારોની ઉજવણીનું પ્રમાણ એવી હદે વધ્યું છે કે આપણને લાગે કે વાહ, હિંદુ ધર્મ અને સંસ્કાર વિશ્વવ્યાપી પ્રસાર પામી રહ્યા છે. પણ સમાજ અને પ્રત્યેક પરિવારનું માનસ અને જીવનનું સ્તર ઘસાતું જાય છે. વિશ્વના દેશો પાસે ભારત જેટલા દેવ દેવીઓ, ગુરુ, સંતો, ધર્મ ગ્રંથો, લોક સંસ્કૃતિ, તહેવારોની કતાર નથી. કંકર એટલા શંકર, કણ કણમાં ભગવાન, નદી માતા અને પર્વત પિતા જેવી બડી બડી ફિલસુફી નથી. પ્રત્યેક માનવીએ બીજા માનવીમાં ભગવાનના દર્શન કરવાના છે તેવો બોધ પણ આપણે ત્યાં જ છે. દરેક વાર જુદા જુદા ભગવાનને અર્પણ કરી રોજ આપણે ભગવાન બદલાતા પણ રહીએ છીએ. તેમાં પણ નારીને સરસ્વતી, લક્ષ્મી અને દુર્ગા કે તેના કરતા પણ આગળ વધીએ તો નવ શક્તિ તરીકે સન્માન આપવાનું તત્ત્વ જ્ઞાન છે.

વિશ્વના કોઈ દેશમાં નારીનું આ હદે ગૌરવ પ્રસ્થાપિત કરવામાં નથી આવ્યું. આની સામે ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મમાં મહિલાઓની અપેક્ષિત આચારસંહિતા અને સંસ્કારનું પણ આગવું શાસ્ત્ર છે. દેશની યુવા પેઢી આટલા બધા ઉજવણીના અવસર છતાં તનાવ અને ડીપ્રેશન હેઠળ અગાઉ ક્યારેય નહોતી. છૂટાછેડાના કેસ ભયજનક રીતે વધતા જાય છે. પરિવારો તૂટી રહ્યા છે, વૃદ્ધાશ્રમોમાં વેઇટીંગ ચાલે છે. ડ્રગ, સેક્સ અને માંસાહાર વધતો જાય છે. અધૂરામાં પૂરું સોશિયલ મીડિયાએ નિકંદન કાઢયું. ભારત જેટલો દંભ, નાગરિકોની સાવ તળિયે ગયેલી શિસ્ત અને કથળેલા માનસ વિકસિત દેશોમાં નથી જોવા મળતા. આવી સ્થિતિ નિર્માણ પામવાનું મૂળ કારણ એ છે કે તહેવારો ભૌતિક ઉજવણી જ બની ગયા અને પરંપરા પોતે ઉજળા છીએ તેનો દેખાડો કરવાનો તખ્તો બની ગઈ. આચરણમાં મોટું મીંડુ જોવા મળે છે. ધર્મ અને આધ્યાત્મના અવસરને ધંધો બનાવી દેવાયો છે. વ્યક્તિએ પોતે સભ્ય સમાજનો છે તે સમાજને બતાવવાના પ્રયત્નમાં જીવન પસાર નથી કરવાનું પણ તેને પોતાને જ પ્રતીતિ કરાવવાની છે કે તે વર્ષોત્તર સભ્ય બનતો જાય છે. ઘણા ગૌરવભેર કહેતા હોય છે કે અમે તો આટલી દિવાળી જોઈ .. દિવાળી જોવાની માત્ર નથી હોતી કેટલા દીપ માંહ્યલામાં પ્રગટાવતા અને ઉમેરતા રહ્યા તેની પણ ગણતરી કરવાની હોય છે.

આપણા શાસ્ત્રો અને પૂર્વજોનો મૂળ આશય વ્યક્તિ અને સમાજ પ્રત્યેક તહેવાર અને તેની સાથે જોડાયેલા દેવ-દેવીઓના તત્વને સમજી તેને જીવનમાં ઉતારે અને એક આદર્શ માનવી અને સમાજ નિર્માણ પામે તે હતો. તહેવાર અને ધર્મનું પણ વિજ્ઞાન છે તે જ્ઞાન ભારતનો માનવી પામે તેમજ વિશ્વને બતાવે કે જુઓ હિંદુ ધર્મ કઈ હદે આધુનિક છે અને બ્રહ્માંડના રહસ્યો સદીઓથી જાણે છે. આપણે દેવ-દેવીઓનો ટેકો લઇ સ્થૂળ રીતે તહેવારો ઉજવીએ છીએ. આચરણ થકી સ્વસ્થ સમાજ આકાર નથી પામતો. આવા અભિગમને લીધે હિન્દુ મત સંગઠિત બને છે પણ દેશ હિંદુ ધર્મની કલ્પના પ્રમાણેનો કે રામ રાજય જેવો ગુણવત્તાસભર નથી બનતો કેમ કે ધર્મ અને તહેવારનો મૂળ હાર્દ કોઈને પામવો નથી. ઇન્દ્રિયોના આનંદમાં જ તહેવાર પૂર્ણ થઇ જતો હોય છે.

ભગવાન ગણપતિને આવતા વર્ષે ઝડપથી પધારો તેમ કહીને આપણે તેની મૂર્તિનું વિસર્જન કરી દઈએ અને તે પછી જેવા હતા તેવા બની જઈએ છીએ. પર્યુષણ પછી મિચ્છામી દુક્કડમ અને પ્રતિક્રમણ પછી તરત જ ઇન્દ્રિયોનું આક્રમણ શરૂ થઇ જાય છે. નવ નોરતા બાદ માતાજીનો ગરબો વળાવી આપણે જૈસે થે. નવા વર્ષના સંકલ્પો લાભ પાંચમ સુધીમાં તો બાળ મરણ પામે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫–સિટર • ૭–સિટર •





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## સુરતમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ-જળસંચય મંત્રી સી. આર. પાટીલની કેમેસ્ટ્રીએ રાજકીય પંડિતોનું ધ્યાન ખેચ્યું

સુરત- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવરાત્રિના પહેલા નોરતે ગુજરાતની મુલાકાતે છે. આજે સવારે તેમણે સુરતમાં ઈસ્કોન મંદિરનું ભૂમિપૂજન કર્યું હતું. આ દરમિયાન તેમણે પાટીલને ઈશારો કરી આગળ બોલાવ્યા હતા. કાર્યક્રમ બાદ તેઓ સર્કિટ હાઉસ જતાં પણ સાથે જોવા મળ્યા હતા. સાથે જ શંકર ચૌધરી પણ સર્કિટ હાઉસમાં શાહને મળ્યા હતા. આ ઘટનાએ રાજકીય પંડિતોનું ધ્યાન ખેચ્યું છે.

ઇસ્કોન ભૂમિપૂજનની ધાર્મિક વિધિ ચાલી રહી હતી ત્યારે અમિત શાહે અચાનક જ નજર ફેરવીને સી. આર. પાટીલને શોધ્યા હતા. જળસંચય મંત્રી સી. આર. પાટીલ તે સમયે સંતોની પાછળ ઊભા હતા. અમિત શાહે હાથના ઇશારાથી તેમને આગળ આવવા જણાવ્યું. પાટીલ તરત જ આગળ આવ્યા અને પૂજા વિધિમાં શાહ સાથે જોડાયા.

આ ઘટનાએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. સામાન્ય રીતે આવા કાર્યક્રમોમાં નેતાઓ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ જતા હોય છે, પરંતુ અમિત શાહે પોતે પહેલ કરીને પાટીલને આગળ બોલાવ્યા, જે સૂચવે છે કે બંને વચ્ચેનો સંબંધ માત્ર રાજકીય જ નહીં, પરંતુ ભવિષ્યના રાજકારણ માટે પણ



કંઇક દર્શાવે છે.

સી.આર.પાટીલ ને ગુજરાત ભાજપના 'ચાણક્ય' તરીકે ઓળખવામાં આવે છે, અને આ ઘટનાથી તેમનું કદ અને શાહ સાથેના તેમના સંબંધો વધુ સ્પષ્ટ થાય છે. આ ઘટના માત્ર પૂજા વિધિનો ભાગ નહોતી, પરંતુ ગુજરાતના રાજકારણમાં એક નવા અધ્યાયની શરૂઆતનો સંકેત હતી તેવી ચર્ચા પણ છે. રવિવારે સુરત એરપોર્ટ પર આવ્યા બાદ અમિત શાહ સીધા સી. આર. પાટીલના નિવાસસ્થાને રાત્રિ ભોજન માટે પણ ગયા હતા.

અમિત શાહે ભૂમિપૂજન બાદ પોતાના સંબોધનમાં પણ ઇસ્કોન મંદિરના નિર્માણ અને તેના આધ્યાત્મિક મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે આ મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નહીં, પરંતુ સંસ્કૃતિ અને સંસ્કારોનુંકેન્દ્ર બનશે. સી.આર. પાટીલે પણ આ પ્રસંગને ઐતિહાસિક ગણાવીને સૌનો આભાર માન્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સુરતની મુલાકાત દરમિયાન પોતાના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમમાં ફેરફાર કરીને રાજકીય અને ઉદ્યોગ જગતમાં અનેક તર્ક-વિતર્કો ઊભા કર્યા છે.

## ઉમરપાડામાં સ્વચ્છતા અભિયાનઃ તાલુકા પંચાયતના અધિકારીઓએ શ્રમદાન કરી કચેરી પરિસર સાફ કર્યો

ઉમરપાડા- સુરતના ઉમરપાડા તાલુકા પંચાયત ખાતે 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' પખવાડિયા અંતર્ગત વિશેષ સ્વચ્છતા અભિયાન યોજાયું. તાલુકા વિકાસ અધિકારીની આગેવાની હેઠળ તમામ કર્મચારીઓએ શ્રમદાનમાં ભાગ લીધો.

તાલુકા પંચાયતના કર્મચારીઓએ ઓફિસ પરિસર અને કેમ્પસની સફાઈ કરી. પંચાયતની વિવિધ શાખાઓની ઓફિસો અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ કરવામાં આવ્યા. આ શ્રમદાનથી સમગ્ર પરિસર ચોખ્ખો બન્યો. કાર્યક્રમના અંતે સૌએ સ્વચ્છતાના શપથ લીધા. કર્મચારીઓએ પોતાના કાર્યક્ષેત્ર અને



આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવાની પ્રતિજ્ઞા લીધી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. સાથે જ 'સ્વચ્છ ભારત' મિશનને વેગ આપવાનો પણ હેતુ છે. આવા કાર્યક્રમોથી જાહેર સ્થળોની સફાઈ પ્રત્યેની જવાબદારી વધે છે. સ્વચ્છતાની સંસ્કૃતિને પણ પ્રોત્સાહન મળે છે.

## માઈ ભક્તો પગમાં તાકાત હોય ત્યાં સુધી ગરબા રમી શકશેઃસુરતમાં હર્ષ સંઘવીએ અંબા નિકેતન મંદિરે માતાજીના દર્શન કરીને કહ્યું

સુરત- નવરાત્રીના પાવન પર્વના પ્રારંભ સાથે જ ગુજરાતના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ખેલૈયાઓ અને માઇ ભક્તો માટે એક મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, માઇ ભક્તોના પગમાં જ્યાં સુધી તાકાત હશે ત્યાં સુધી ગરબા રમી શકશે. આ માટે ગુજરાત પોલીસે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી છે.

નવરાત્રીના પ્રથમ દિવસે હર્ષ સંઘવી સુરતના પાર્લે પોઇન્ટ સ્થિત અંબા નિકેતન મંદિરે દર્શનાર્થે પહોંચ્યા હતા. ત્યાં તેમણે દંડવત પ્રણામ કરી માતાજીની પ્રાર્થના કરી હતી. આ અવસરે તેમણે રાજયના નાગરિકોની શાંતિ, સુરક્ષા અને સલામતી માટે તથા તેમની સર્વ મનોકામનાઓ પૂર્ણ થાય તે માટે અંબા માના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

મીડિયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, 'રાજયના માઇ ભક્તો આપણા



ગુજરાતમાં ગરબા કેટલા વાગ્યા સુધી રમવા એ ગુજરાત કે હું કે તમે નક્કી ના કરી શકીએ, એ તો માઈ ભક્તો પગમાં તાકાત હોય ત્યાં સુધી ગરબા રમી શકે તે પ્રકારની વ્યવસ્થા કરાવવામાં આવી છે.' આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ગુજરાત સરકાર ગરબાના આ મહાપર્વને તેની પૂરી ઉલ્લાસ અને ભાવના સાથે ઉજવવાની છૂટ આપી રહી છે.

## નવરાત્રિમાં સુરત જિલ્લા પોલીસની સતર્કતા

### કોસંબા-કીમ સહિત સંવેદનશીલ વિસ્તારોમાં વાહન ચેકિંગ, દારૂ પીને વાહન ચલાવનારા ઝડપાયા





બારડોલી- સુરત જિલ્લા પોલીસે નવરાત્રિના પ્રારંભથી જ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કડક પગલાં લીધા છે. જિલ્લાના મુખ્ય માર્ગો પર વાહન ચેકિંગની વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

પોલીસે કોસંબા, કીમ ચારરસ્તા, કામરેજ, કડોદરા અને બારડોલી જેવા સંવેદનશીલ વિસ્તારોમાં મોડી રાત સુધી વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. બ્રેથ એનેલાઈઝરથી દારૂ પીને વાહન ચલાવતા લોકોને પકડી પાડવામાં આવ્યા હતા. આ કામગીરીનું નેતૃત્વ જિલ્લા SP રાજેશ ગઢિયાએ કર્યું હતું. LCB PI આર.બી. ભટોળ, SOG PI બી.જી. ઇશરાણી, કડોદરા PI બી.ડી. શાહ અને ટ્રાફિક PSI ઈશ્વર સિંહ સિસોદિયા સહિતનો સ્ટાફ જોડાયો હતો.

ગત વર્ષે નવરાત્રિ દરમિયાન એક યુવતી સાથે થયેલા ગેંગરેપની ઘટનાને ધ્યાનમાં રાખીને આ વર્ષે પોલીસે વિશેષ સતર્કતા દાખવી છે. પોલીસના કડક વલણથી આવારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આ પગલાંથી નવરાત્રિ શાંતિપૂર્ણ રીતે ઉજવાશે તેવી આશા છે.

## રાજસ્થાનવાસી ક્ષત્રિય કુમાવત સમાજનું નશામુક્તિ અભિયાન

સુરત- મૂળ રાજસ્થાનવાસી ક્ષત્રિય કુમાવત સમાજની સુરતમાં અલગ અલગ ૪ સંસ્થાના માધ્યમથી સામાજિક પ્રવૃત્તિ થાય છે. ઓલ ગુજરાત યુથપ્રમુખ કૈલાશ ધોડાવડે જણાવ્યું હતું કે વર્ષો પહેલા અમારા સમાજમાં મરણ પ્રસંગે અફીણનો નશો કરાવવાનો રિવાજ હતો પરંતુ અત્યારે સંપૂર્ણ સમાજ નશામુક્ત છે. સમાજ દ્વારા ટૂંક સમયમાં દોઢ વિઘા જમીનમાં ૩ કરોડના ખર્ચે અત્યાધુનિક સમાજ ભવન નિર્માણ થશે.સમાજ ખાસ એવો આગ્રહ રાખે છે કે લગ્ન પ્રસંગે વરરાજાઓ પરણવા જાય ત્યારે દાઢી રાખીને નહીં ક્લીન સેવ હોવા જોઈએ. આપણી મૂળભૂત પરંપરાને જાળવી રાખવી જોઈએ. પ્રી વેડિંગ શૂટિંગ, ડીજે, હલ્દી,




મહેંદી જેવા રસમના નામે થતા ખોટા ખર્ચાઓ બંધ કરાવ્યા છે. સમાજના દરેક પરિવાર દીઠ વાર્ષિક રૂ.૧૨૦૦ અને ધંધાર્થી લોકોએ રૂ.૫૧૦૦ ફરજિયાત આપવાના. સમાજમાં કોઈ ઘરે મરણ થયું હોય તો તેને તાત્કાલિક ૨ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે.ઇષ્ટદેવ ભગવાન કૃષ્ણ અને આરાધ્ય ભગવાન રામ છે. સમાજ વિશે મૂળ રાજસ્થાનના ક્ષત્રિય કુમાવત સમાજના સુરતમાં ૨૫,૦૦૦ થી વધારે લોકો રહે છે સુરતમાં અલગ અલગ ચાર સંગઠનો સમાજલક્ષી કાર્યો કરે છે. સમાજનો ધ્યેય સમાજમાં ચાલી આવતી વર્ષોની રૂઢિ અને કુ રિવાજોને દૂર કરવા તેમજ સંપૂર્ણ સમાજને વ્યસન મુક્ત કરવો. અન્ય કાર્ય આરોગ્ય માટે : સમાજના કોઈપણ પરિવાર ના આર્થિક મુશ્કેલી હોય અને બીમારી આવે તો ૨૫૦૦૦ રૂપિયા સમાજ તરફથી સહાય આપવામાં આવે છે . શિક્ષણ માટે : જરૂરિયાત મંદ પરિવારોના બાળકોની સ્કુલ ફી સમાજ તરફથી આપવામાં આવે છે. બાળકોને મોબાઈલથી દૂર રહેવા તેમજ તેમનામાં સંસ્કારીતા ઊભી થાય તે માટે સેમિનાર કરવામાં આવે છે.

મહિલાઓ માટે : સમાજના દરેક કાર્યક્રમમાં સંપૂર્ણ રીતે મહિલાઓ ભાગ લેતી હોય છે ખાસ કરીને તેઓનુંધૂળેટી ગેર નૃત્ય માટેની ટીમ છે.

## કામરેજ-આંબોલી વચ્ચે તાપી નદીનો જૂનો બ્રિજ બંધઃબ્રિજનું સ્ટ્રક્ચરલ સર્વે થશે, ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી વાહનોની અવરજવર બંધ



કામરેજ-સુરતના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ એક મહત્વપૂર્ણ જાહેરનામુ બહાર પાડ્યું છે. કામરેજ તાલુકાના ખોલવડ ગામથી આંબોલી ગામને જોડતા તાપી નદી પરના જૂના બ્રિજ પર વાહનોની અવરજવર બંધ કરવામાં આવી છે. બ્રિજના સુપર સ્ટ્રક્ચરનો એમ.બી.આઈ. યુનિટ વડે કન્ડિશન સર્વે કરવાનો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવી છે. કામરેજથી આંબોલી જવા માટે એન.એચ. ૪૮ પરના તાપી નદીના બ્રિજનો ઉપયોગ કરવાનો રહેશે. એ જ રીતે, ખોલવડથી આંબોલી જવા માટે પણ એન.એચ. ૪૮ પરના તાપી નદીના બ્રિજનો ઉપયોગ કરવાનો રહેશે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

Date-24/09/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## રૂ્ઘ અભ્યાનને ૨૫ વર્ષ પૂર્ણ થતા RCM અભિયાન રૂપાંતર યાત્રાનું માંડવી ખાતે ઉમળકાભેર સ્વાગત કરાયું



**દક્ષેશ પટેલ, માંડવી-** RCM અભ્યાનને ૨૫ વર્ષ પૂર્ણ થતા સમગ્ર ભારતને નવા ભારતના નિર્માણનો એક નવો સંદેશ પહોંચાડવા ભીલવાડા રાજસ્થાન થી ૧૬ તારીખે નીકળી RCM અભિયાન રૂપાંતરણ યાત્રા ૧૭૦૦૦ કિલોમીટર ૧૦૦ દિવસમાં પુરા ભારતમાં ભ્રમણ કરશે જે અંતર્ગત RCM રૂપાંતરણ યાત્રા માંડવી માં ૨૨ તારીખે પહોંચી અને સજાવટ કરેલ છઈખ રૂપાંતરણ રથ નું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ વરસાદની સ્થિતિમાં પણ મોટી સંખ્યામાં નગરજનોએ અને RCM સેવકોએ ભાગ લીધો. નગરપાલિકા ગ્રાઉન્ડથી હોળી ચકલા સોની ફળિયુ જૈન દેરાસર સુપડી વિસ્તાર થઈ પરત નગરપાલિકા ગ્રાઉન્ડ પર પરત યાત્રા પહોંચી જેમાં ઉત્સાહ સાથે લોકો જોડાયા. ત્યારબાદ નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે જાહેર સભાનું આયોજન થયું.

જેમાં સેવા સ્વાસ્થ્ય અને સંસ્કારના ઉદ્દેશ્ય સાથે RCM અભિયાન દ્વારા ૨૫ વર્ષની નવા ભારતનું નિર્માણ માટે કરેલુ ઉપલબ્ધિઓની વિડીયોગ્રાફીના માધ્યમથી પ્રસ્તુતિ દર્શાવવામાં આવી જેમાં મુખ્ય અતિથિ તરીકે સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, નટુભાઈ રબારી, મીનાબેન શાહ, અલ્કાબેન લોઢા, આનંદભાઈ શાહ, દેવીલાલ શર્મા તેમજ RCM ના આગેવાન શ્રી મહાવીર સહારાન, દિનેશભાઈ શેલડીયા, તેજસભાઈ રાજપુરોહિત, શૈલેષભાઈ, રાણાભાઇ, જય પ્રકાશ ચૌધરી, માધુભાઈ ચૌધરી તેમજ માંડવી વિસ્તાર તથા આજુબાજુ વિસ્તારના RCM સેવકો ઉપસ્થિત રહ્યા ત્યારબાદ આ રૂપાંતરણ યાત્રા સુરત તરફ પ્રયાણ થઈ અને ૨૩ તારીખે સુરત ખાતે ભવ્ય RCM રજત જયંતિ મહોત્સવ ઉજવાશે.

## દક્ષિણ ગુજરાત માં ડાંગર પકવતા ખેડૂતો મુશ્કેલી માં મુકાયા

ખેડૂત આગેવાન જયેશ દેલાડ મુખ્યમંત્રી ને પત્ર લખી રજૂઆત કરી. રજૂઆત માં જણાવ્યું કે હાલ ડાંગર પકવતા ખેડૂતો સંકટમાં આવી ગયા છે. સરકારે નક્કી કરેલા ટેકાના ભાવ કરતા ઓછા ભાવમાં વેપારીઓ ડાંગર માંગી રહ્યા છે. ખેડૂતોના હિતમાં સરકાર સહકારી મંડળીઓને ક્વિન્ટલ ડાંગર દીઠ ૫૦૦ રૂપિયાનો ટેકો ચૂકવવા માંગ કરાઈ. ખેડૂત આગેવાન જયેશ દેલાડે ખેડૂતો ના હિત જળવાય તે માટે મુખ્યમંત્રી ને પત્ર લખી માંગ કરી.




ખેડૂતોના હિતમાં સરકાર સહકારી મંડળીઓને ક્વિન્ટલ ડાંગર દીઠ ૫૦૦ રૂપિયાનો ટેકો ચૂકવવા માંગ

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર

ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

## માંડવીના ઝરપણ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે શ્રી ગૌતમ પેટ્રોલિયમ પંપ દ્વારા ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો





**દક્ષેશ પટેલ, માંડવી-** દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ ની ઉજળીના અવસરે શ્રી ગૌતમ પેટ્રોલિયમ પંપ દ્વારા ફ્રી મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ સુંદર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ તપાસ જેવી કે આંખની તપાસ, સુગર, બ્લડપ્રેશર ની તપાસ કરવામાં આવી હતી.

જેમાં આજુબાજુના ગામડાઓમાંથી આશરે ૯૫ જેટલા લાભાર્થીએ આ ફ્રી હેલ્થ ચેકઅપ નો લાભ લીધો હતો. જેમાં વિશેષ અતિથિ તરીકે શ્રી ગૌરવ કૌશિક, ભારત પેટ્રોલિયમ ટેરેટરી મેનેજર હજીરા BPCL તથા શ્રી મનીષકુમાર, ભારત પેટ્રોલિયમ સેલ્સ મેનેજર, હજીરા BPCL , તથા હરિહર સ્ટોન ક્વોરી અરેઠ, તા. માંડવી. જિ. સુરત ના સહયોગ દ્વારા આ ફ્રી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું.

## સુરત ભાજપ કાર્યાલયમાં મોદી સરકારના નિર્ણયોનું પ્રદર્શનઃકોગ્રેસ-આપના ત્રણ નેતા સમર્થકો સાથે ભાજપમાં જોડાયા



બારડોલી- સુરત જિલ્લા ભાજપના મધ્યસ્થ કાર્યાલય, બારડોલી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળના મહત્વના નિર્ણયો અને નીતિઓનું વિશેષ પ્રદર્શન યોજાયું. જિલ્લા સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડે પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું


પ્રદર્શનમાં વડાપ્રધાન મોદીના કાર્યકાળના આર્થિક, સામાજિક અને વિકાસલક્ષી નિર્ણયોની વિગતવાર માહિતી આપવામાં આવી. કાર્યક્રમમાં બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, ચોર્યાસીના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ સહિત અનેક આગેવાનો હાજર રહ્યા.

આ પ્રસંગે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ત્રણ નેતાઓએ ભાજપમાંજોડાવાની જાહેરાત કરી. વરાડ ગામના કોંગ્રેસના આગેવાન કાળુભાઈ રાઠોડ, માણેકપોર ગામના આપના રતિલાલ પટેલ અને બારડોલી તાલુકા પંચાયતના ભૂતપૂર્વ ઉપપ્રમુખ બિપિનચંદ્ર ચૌધરી તેમના સમર્થકો સાથે ભાજપમાં સામેલ થયા. બિપિનચંદ્ર ચૌધરીને અગાઉ સુમુલ ડેરીની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવવા બદલ પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

જિલ્લા સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડ અને અન્ય નેતાઓએ નવા સભ્યોને ભગવો ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

## તાપી જિલ્લાના સોનગઢ ખાતે આદિસેવા અભિયાન અંતર્ગત રૂ.૩.૨૨ કરોડના કુલ ૪૬ વિકાસ કાર્યોનું ગુજરાત રાજયના મંત્રી કુંવરજી હળપતિ દ્વારા ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



**દક્ષેશ પટેલ, માંડવી-** તારીખ ૨૦/૯/૨૫ ના રોજ તાપી જિલ્લાના સોનગઢ ખાતે આદિસેવા અભિયાન અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં રૂ.૩.૨૨ કરોડના કુલ ૪૬ વિકાસ કાર્યોનું ગુજરાત રાજયના મંત્રી શ્રી કુંવરજી હળપતિ દ્વારા ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

જિલ્લાના સાત તાલુકાઓમાં કાર્યરત થનારા ૨૮૪ આદિસેવા કેન્દ્રોના ઈ-લોકાર્પણ સાથે હવે ગામડાના નાગરિકોને આરોગ્ય, શિક્ષણ, રોજગાર, પોષણ અને શાસન સંબંધિત સરકારી સેવાઓનો સીધો લાભ મળશે. કાર્યક્રમ દરમ્યાન ૨૦૩ આદિજાતિ ખેડુતોને વન અધિકારપત્રો તેમજ દવા છંટકાવ પંપ, બકરા એકમ, ટ્રેક્ટર, રોટાવેટર મશીન જેવી સહાય સાથે કુલ ૨૪૦ લાભાર્થીઓને સીધો લાભ આપવામાં આવ્યો. આદિસેવા અભિયાન દ્વારા આદિવાસી સમાજને આત્મનિર્ભરતા તરફ દોરી જવાનું અને દરેક પરિવારમાં સુખ-સમૃદ્ધિ પહોંચાડવાનું રાજય સરકારનું દ્રઢ સંકલ્પ છે.

આ પ્રસંગે તાપી જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી સૂરજ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંહ વસાવા, ધારાસભ્યશ્રી ડો. જયરામ ગામીત, કલેક્ટર ડો. વિપિન ગર્ગ, નાયબ વન સંરક્ષક શ્રી સચિન ગુપ્તા, પ્રાયોજના વહિવટદાર શ્રી જયંતસિંહ રાઠોર, સહિત અન્ય હોદ્દેદારો અને ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તરસાડી નગરપાલિકામાં વિકાસની નવી શરૂઆતઃરૂ. ૬.૧૩ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ



માંગરોળ- માંગરોળની તરસાડી નગરપાલિકામાં આજે રૂ. ૬.૧૩ કરોડના વિકાસ કાર્યોનો શુભારંભ થયો છે. ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના હસ્તે આ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું.

નગરપાલિકાની વિવિધ મિલકતો પર રૂ. ૨૨૭.૧૨ લાખના સોલાર સિસ્ટમના કામનું લોકાર્પણ કરાયું. સફાઈના સાધનો માટે રૂ. ૧૫૦ લાખના ગેરેજ સેટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. પ્રોસેસિંગ પ્લાન્ટની આસપાસ રૂ. ૬૯.૭૯ લાખની કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે.

નગરપાલિકા બિલ્ડિંગના રૂ.૫૯.૫૯ લાખના રિનોવેશન કાર્યનો પ્રારંભ થયો. વિસ્તારમાં ૧૭ રિચાર્જ બોર માટે રૂ. ૩૨.૧૯ લાખનું કામ પૂર્ણ થયું. એમ.એલ.એ. ગ્રાન્ટમાંથી રૂ. ૨૮.૬૪ લાખના વિવિધ કામો હાથ ધરાશે. સફાઈની દેખરેખ માટે રૂ. ૪૫.૭૭ લાખના સી.સી. કેમેરા લગાવવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા પખવાડિયા અંતર્ગત વિશેષ કાર્યક્રમો યોજાયા. ડો. આંબેડકર, બિરસા મુંડા, સરદાર પટેલ અને મહારાણા પ્રતાપની પ્રતિમાઓની સફાઈ કરવામાં આવી. 'એક પેડ મારા નામે' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ભાજપ જિલ્લા સંગઠન મંત્રી કેયુરસિંહ પરમાર, નગર ભાજપા સંગઠન પ્રમુખ ભગવતી પ્રજાપતિ, નગરપાલિકા પ્રમુખ કપિલાબેન પરમાર સહિત અનેક પદાધિકારીઓ હાજર રહ્યા.



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).